# ભરૂચી વ્હોરા પટેલ સમાજનું ગૌરવ...

## ડો. ફારૂક ગુલામ પટેલ



**બિઝનેસમેન, કે.પી. ગ્રુપ (NSE - BSE લિસ્ટેડ કંપની)**

**જન્મ : ૨૪ માર્ચ ૧૯૭૨ - જન્મ સ્થળ : સલાદરા ગામ (જિ. ભરૂચ)**

## એવોર્ડ એન્ડ રેકોગ્નાઈઝેશન :

- મોસ્ટ પ્રોમિશિંગ બ્રાન્ડ ઓફ ધ યર–WCRC ૨૦૧૫
- ડો. ફારૂક પટેલની કંપની કે.પી.આઈ ગ્રીન એનર્જી લિ. ને સોલાર ઈનોવેશન એક્સેલન્સ એવોર્ડ–૨૦૧૬
- મેન્ગ્રૂવ્સ સોસાયટી ઓફ ઈન્ડિયાએ ભાવનગરના મહુવા અને કચ્છમાં મેન્ગ્રૂવ્સના વાવેતર માટે સન્માન આપ્યું.
- ડો. ફારૂકને લિજેન્ડ ઓફ સુરત–૨૦૧૮ નો એવોર્ડ તત્કાલિન રાજ્યપાલ કોહલીના હસ્તે મળ્યો.
- ડો. ફારૂકને ધ લિડર્સ–૨૦૧૮ નો એવોર્ડ તત્કાલિન ઉદ્યોગ મંત્રી સૌરભ શાહના હસ્તે મળ્યો.
- ડો. ફારૂકને બિઝનેસ આઈકોન–૨૦૧૮ નો એવોર્ડ ટાઈમ્સ ગ્રુપ દ્વારા અપાયો.
- ડો. ફારૂકને તેમની સેવાકીય પ્રવૃત્તિ માટે રોટરી લમ્હે એવોર્ડ–૨૦૨૩ માં અપાયો.
- ડો. ફારૂકના કે.પી. ગ્રુપને બેસ્ટ બ્રાન્ડ–૨૦૨૩ નો એવોર્ડ ઈકોનોમિક્સ ટાઈમ્સ એડ્સ દ્વારા અપાયો.
- અમેરિકન ઈસ્ટ કોસ્ટ યુનિવર્સિટી દ્વારા ડો. ફારૂક પટેલને માનદ ડૉક્ટરેટની ડિગ્રી જુન–૨૦૨૩ માં અપાઈ.

## અન્ય સિધ્ધીઓ :

- હાઈએસ્ટ આર.એફ.એ.આઈ. એવોર્ડ (રેડી ફોર એક્ટિવ ઈન્સ્ટોલેશન બાય ઈન્ડસ ટાવર)
- સ્થાપત્ય – ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ સિવિલ એન્જિનિયર્સ આર્કિટેક્ચર–૨૦૧૭
- બ્રોન્ઝ એવોર્ડ ઈન કેટેગરી ઓફ પોર્ટફોલિયો પર્ફોમન્સ–વિન્ડ ડેવલપર ઓફ ધ યર–૨૦૧૭
- ઉદ્યોગ–રોડ ટુવર્ડ્સ ગ્લોબલાઈઝેશન–૨૦૧૭
- બેસ્ટ આઈ.ટી. ટેક્સ પેયર–૨૦૦૮–૦૯
- વર્ક વીથ ઈન્ડિયા ૯ મેજર ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપર્સ
- ગુજરાતના સૌથી મોટા સોલાર પાર્ક ચારણકામાં સફળતાપૂર્વક ૧૦૫ મેગાવોટ્સનું ઈ.પી.સી. વર્ક કર્યું.
- કે.પી. ગ્રૂપ (કે.પી.આઈ. એનર્જી અને કે.પી. એનર્જીએ) દક્ષિણ ગુજરાતના ભરૂચ જિલ્લાના કોરા ગામમાં સૌથી પહેલા સાત વિન્ડ મિલ નાંખવાનું સાહસ ખેડી ઈતિહાસ રચ્યો.
- કે.પી. ગ્રુપને બેસ્ટ પ્લેસ ઓફ વર્કનું સર્ટિફિકેટ મળ્યું (૨૦૨૩).

## સામાજિક-બિઝનેસ ક્ષેત્રોમાં એક્ટિવ :

- સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સની મેનેજીંગ કમિટીના સભ્ય
- સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સની રિન્યુએબલ કમિટીના ચેરમેન
- ૨૮ વર્ષ જુની શૈક્ષણિક સંસ્થા પોગ્રેસિવ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ
- વર્લ્ડ ભરૂચી વ્હોરા ફેડરેશનના ડિરેક્ટર
- ભરૂચી વ્હોરા પટેલ ફેડરેશન, સુરતના પ્રમુખ
- ૮૫ વર્ષ જુની શૈક્ષણિક સંસ્થા ધ સુરત મુસ્લિમ એજ્યુકેશન સોસાયટીના એડવાઈઝરી ચેરમેન
- મુસ્લિમ બ્રધરહુડ લાઈબ્રેરી, સુરતના પ્રમુખ

# "જીવન ઝરમર"

# ડો. ફારૂક ગુલામ પટેલ

પિતાશ્રી : **ગુલામ પટેલ** (ત્રાલસા કોઠી - ગામઃ કોળી) - GSRTC ઝઘડીયામાં બસ કન્ડક્ટર
૧૯૭૪માં અડાજણ બદલી અને ભાડેથી રહેઠાણ

## ડો. ફારૂક પટેલ - પ્રારંભિક જીવન

- ધો-૪ સુધી સરકારી શાળામાં અભ્યાસ.
- મુંબઈમાં એક્સપોર્ટ-ઈમ્પોર્ટનું કામ શીખ્યા.
- સુરતમાં હાફિઝ બ્રધર્સમાં કાપડનો ધંધો શીખવા કામ કર્યું.
- ૧૮મા વર્ષે ભાડાની દુકાનમાં ડ્રેસ મટીરીયલ્સનું કામ કર્યું.
- ૧૯૯૩માં સુરતમાં કાર્ટીંગનો વ્યવસાય
- ધો-૫ થી ૧૨ વી.ડી. દેસાઈ સ્કુલમાં અભ્યાસ
- ચશ્માની દુકાનમાં કામ કર્યું.
- ૧૯૯૦માં ટેક્સટાઈલ રીસર્ચમાં પ્રેક્ટીસ
- ૧૯૯૧માં ઈંગ્લેન્ડમાં પીઝા હટમાં કામ કર્યું.

## ડો. ફારૂક પટેલ - પ્રગતિનાં પંથે પ્રયાણ

- ૧૯૯૪માં રૂા. એક લાખ મૂડીથી કે. પી. ગ્રુપની સ્થાપના કરી.
- અડાજણ પાટિયા-ફઝલ ટાવરમાં પહેલી કંપની કે.પી. બિલ્ડકોન પ્રા.લિ. બનાવી મોબાઈલ ટાવર ઊભા કર્યાં. ગુજરાત અને બીજા રાજ્યોમાં ૧૩ વર્ષ આ કામ કર્યું.
- આજ કામ ઝડપથી કરવા વડોદરા-પાદરાના ડબાસા ગામમાં મોબાઈલ ટાવર માટે ફેબ્રીકેશન ફેક્ટરી ખરીદી. હાલમાં ૩૦ હજાર મેટ્રીક ટન વાર્ષિક ગેલ્વેનાઈઝ ફેબ્રીકેશનનું કામ.
- ૨૦૦૮માં **"સોલાર પાવર"** ક્ષેત્રમાં પ્રવેશ. કે. પી. આઈ. ગ્લોબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ. (હાલમાં કે.પી.આઈ. ગ્રીન એનર્જી લિ.)ની સ્થાપના. (એન.એસ.ઈ.-બી.એસ.ઈ. લિસ્ટેડ). જૂન ૨૦૨૩માં કંપનીની માર્કેટ કેપ રૂા. ૨૫૦૦ કરોડથી વધુ. ૩૫૦ મેગાવોટ્સથી વધુ પોર્ટફોલિયો તથા ભરૂચનાં સુડી ગામમાં મોટો પ્રાઈવેટ સોલાર પાર્ક
- ૨૦૧૦માં કે.પી. એનર્જી લિ. સ્થાપીને વિન્ડમીલના ઈ.પી.સી.નું કામ શરૂ કર્યું (બી.એસ.ઈ. લીસ્ટેડ). જૂન ૨૦૨૩માં માર્કેટ કેપ રૂા. ૭૦૦ કરોડ અને ૧ ગીગા વોટ્સ પોર્ટફોલીયો.
- ભાવનગરના મહુવા, માતલપર, પોરબંદર, દ્વારકા, કચ્છમાં વીન્ડ ટર્બાઈન.
- હાલમાં ડો. ફારૂક પાસે ૩૫ થી વધુ કંપનીઓ.
- ભરૂચના કોરા સહિત ગામોમાં વીન્ડ ટર્બાઈન નાખીને ઈતિહાસ રચ્યો છે અને ભરૂચની ધરાને ગ્રીન કરી છે.
- ડો. ફારૂકને નજીકના લોકો **"સોલાર કીંગ"** તરીકે ઓળખે છે.
- તમામ કંપનીનું વાર્ષિક ટર્નઓવર ૨૫ બિલિયનથી વધુ છે.
- ડો. ફારૂક પટેલને ૨૮ વર્ષમાં વિવિધ ઈનોવેશન, ટેલેન્ટ અને ક્રિએટીવ મેનેજમેન્ટ માટે અમેરીકાની ઈસ્ટ-કોસ્ટ યુનિવર્સિટીએ જૂન ૨૦૨૩માં માનદ્ ડોક્ટરેટની પદવી એનાયત કરી છે.
- ડો. ફારૂકે કે.પી. હ્યુમન ફાઉન્ડેશ હેઠળના પરોપકારી કાર્યોમાં બે સરકારી શાળાઓ, એક ખાનગી શાળા અને દિવ્યાંગોની બી.સી.એ. કોલેજ એડોપ્ટ કરી છે. સુરત યતીમખાના સોસાયટી ખાતે યુ.પી.એસ.સી. માટે હાઈટેક લાઈબ્રેરી બનાવી છે.

  અન્ય શહેરોમાં પણ બે લાઈબ્રેરી બનાવવાની યોજના પર કામ ચાલુ છે. દિવ્યાંગો માટે પહેલો વૃધ્ધાશ્રમ ઝઘડીયા ખાતે બનાવી રહેલ છે. તેઓની સ્કોલરશીપથી અનેક વિદ્યાર્થીઓ એન્જિનિયર, ડોક્ટર, આઈ.પી.એસ. અને આઈ.એ.એસ. સુધી તથા બિઝનેસમેન સહિત ઉચ્ચ પદો પર પહોંચ્યા છે અને વિદેશોમાં પણ સ્થાયી થયા છે. લાજપોર જેલમાં ગુજરાતનું પહેલુ જીમ બનાવ્યું છે. અનેક વૃધ્ધાશ્રમો, હોસ્પિટલો, અનાથાશ્રમો, દિવ્યાંગો અને મૂકબધિરના આશ્રમો સાથે જોડાઈને સેવાકીય કાર્યો હાલ ચાલુ જ છે. રોજ ભૂખ્યાને ભોજનનું કામ પણ આ ટ્રસ્ટે ઉપાડેલ છે.